<u>**રે.દિ.કે. નં. ૦૩/૨૦૨૪**</u>

<u>**- : આંક - ૧ નીચે હુકમ :-**</u>

આ કામે આજરોજ વાદી હાજર નથી. વાદીના વિ.વ.શ્રી હાજર નથી.પ્રતિવાદીઓ કે તેઓના વિ.વ.શ્રી હાજર નથી. સદર કામે દાવાનુ રેકર્ડ ધ્યાને લેવામાં આવે તો સદર કામ તા.૧૨/૧૧/૨૦૨૫ થી વાદીની ઉલટ તપાસ માટે ચાલી આવેલ છે.સદર કામે વાદીના વિ.વ.શ્રીએ વાદી ઉલટ તપાસ માટે હાજર ન રહેતા તા. ૦૩/૧૨/૨૫,તા. ૨૧/૧૨/૨૫, તા. ૨૮/૦૧/૨૬, ના રોજ મુદત અરજી આપતા મંજુર કરેલ છે. તથા સદર કામે તા.૧૧/૦૩/૨૬, ના રોજ પણ વાદી તથા વાદીના વિ.વ.શ્રી હાજર ન હતા કે કોઈ મુદત અરજી રજુ કરેલ નહિ. આજરોજ પણ વાદી હાજર નથી કે વાદીના વિ.વ.શ્રી હાજર નથી કે કોઈ મુદત અરજી રજુ કરેલ નથી. આમ, સદર કામે વાદીપક્ષને વાદીને ઉલટ તપાસ માટે હાજર રહેવા માટે અનેક તકો આપવામાં આવેલ છે. આમ,છતા વાદી ઉલટ તપાસ માટે હાજર રહેલ નથી કે દસ્તાવેજી પુરાવા રજુ કરવા મુદતની માંગણી કરેલ હોય દસ્તાવેજી પુરાવા રજુ કરવા પણ પણ રજુ કરેલ નથી.

વધુમાં નામદાર ઉપલી અદાલતે **ચુનીલાલ નાથુલાલ વિરૂધ્ધ અબ્દુલ રજાક** ના કેસમાં ઠરાવેલ છે કે, દાવો દાખલ કર્યા બાદ દાવાની તારીખ તેમજ દાવામાં થતી તમામ કાર્યવાહીઓની જાણ રાખવાની જવાબદારી દાવાના પક્ષકારોની છે. જે જવાબદારી આ દાવાના કામે વાદીએ નિભાવેલ હોય તેવું જણાય આવતું નથી.

આમ વાદીને સદર દાવો આગળ ચલાવવામા કોઈ રસ ન હોય તેવુ જણાય આવે છે. તેવા સંજોગોમાં ન્યાયના હીતમા નીચે મુજબનો હુકમ કરવામા આવે છે.

<u>**- : હુ ક મ : -**</u>

વાદીનો હાલનો દાવો વાદીના કસુરના કારણે રદ(ડીસમીસ ફોર ડીફોલ્ટ) કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તારીખ : ૦૮, માહે એપ્રિલ , સને : ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૦૮/૦૪/૨૦૨૬. (કુ.શ્રધ્ધા.એન. ફાળકી)
મુકામ : પડધરી પ્રિન્સીપાલ સીવીલ જજ,પડધરી,રાજકોટ
UIC – GJ01579